# મોડાસાના હજીરામાં બસમાં ધુમાડો નિકળતાં મુસાફરોનો દેકારો

## ડ્રાઈવરે બસ થોભાવી મુસાફરોને ઉતારી દીધા



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯ મોડાસાના હજીરા વિસ્તારમાં ઈડર-દાહોદ એસ.ટી. બસમાં ઓચિંતો ધુમાડો નિકળતાં મુસાફરોમાં દેકારો મચી ગયો હતો. આકસ્મિક શોર્ટ સર્કીટથી આગ લાગે તેવી દહેશત જણાતાં ડ્રાઈવરે રસ્તામાં એસ.ટી. બસ થોભાવી તમામ મુસાફરોને નીચે ઉતારી દેતાં રાહત અનુભવી હતી. જ્યારે એસ.ટી. બસ ડેપોમાં પ્રવેશે તે પૂર્વે આ ઘટના ઘટતાં અનેક મુસાફરોને પગપાળા બસ મથક સુધી પહોંચવાનો વારો આવ્યો હતો.

સલામત સવારી, એસ.ટી. અમારી ક્યારેય રસ્તામાં ખોટકાય તેનું કશું નક્કી હોતું નથી. એસ.ટી. વિભાગ મુસાફરોની સુવિધા ખાતર નવી એસ.ટી. બસો ફાળવે છે પરંતુ કાયમી રૂટ ઉપર દોડતી એસ.ટી. બસ હવે યોગ્ય મેન્ટેનન્સના અભાવે મુસાફરો માટે જોખમી બની છે. શનિવારે ઈડર ડેપોની ઈડર-દાહોદ એસ.ટી. બસ બપોરે મોડાસાના હજીરા વિસ્તારમાંથી પસાર થતી હતી તે સમયે એસ.ટી. બસમાં ઓચિંતા ધુમાડાના ગોટેગોટા ફેલાઈ જતાં મુસાફરો બસમાં આગ લાગીની દહેશતથી ફફડી ઉઠ્યાં હતાં. શ્વાસ લેવામાં અનેક મુસાફરોને ઘૂંઘળામણ અનુભવાતાં સ્થિતિ પામી ગયેલા ડ્રાઈવરે રસ્તામાં જ બસને થોભાવી મુસાફરોને સલામત રીતે નીચે ઉતારી દીધા હતા. દોડતી એસ.ટી. બસમાં ધુમાડા નિકળતાં મુસાફરોના જીવ એક તબક્કે પડીકે બંધાઈ ગયા હતા. બસના તળીયે શોર્ટ સર્કીટ થવાથી આગ લાગ્યા પછી બસમાં ધુમાડો પ્રસર્યાનું અનુમાન હાલ લગાવાઈ રહ્યું છે.

# ઉત્તર ગુજરાતમાં ધો.૧૦-૧૨ રિપીટર છાત્રોની તા.૧૫ જુલાઈથી પરીક્ષા

## રેગ્યુલર છાત્રોને માસ પ્રમોશન અપાતાં રિપીટરોમાં રોષ ભભૂક્યો



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯ ધો.૧૦ અને ૧૨ના રેગ્યુલર છાત્રોને કોરોનાના કારણે માસ પ્રમોશન આપ્યા પછી રિપીટરોનો શું વાંક..?? તેવી લાગણી સાથે રિપીટરોને પણ માસ પ્રમોશન આપવાની માંગણી થઈ રહી છે ત્યારે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૧૫ જુલાઈથી રિપીટર છાત્રોની પરીક્ષા યોજવાની અખબારી યાદી જાહેર કરતાં રિપીટરોમાં રોષ ભભૂક્યો છે. દરેક શાળાઓના આચાર્યોને રિપીટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારોને અને વાલીઓને પરીક્ષા આયોજન બાબતે જણાવવા અનુરોધ કર્યો છે.

રાજ્યના શિક્ષણ ઈતિહાસમાં બોર્ડ પરીક્ષા આપનારા રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી ઉપલા વર્ગમાં લઈ જવાનું સૌ પ્રથમવાર નોંધાયું છે. ભલે અનેક છાત્રો અને વાલીઓ માસ પ્રમોશનના નિર્ણયથી હરખાયા હોય પરંતુ તેનાથી અનેક ગણા વિદ્યાર્થી અને વાલીઓમાં માસ પ્રમોશનના નિર્ણય સામે આજે પણ અણગમો વ્યક્ત થઈ રહ્યો છે. આવતા સપ્તાહથી તબક્કાવાર ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાનું પરિણામ બોર્ડની વેબસાઈટ ઉપર મૂકી દેવામાં આવશે. જ્યારે રિપીટર છાત્રોને પણ એમ હતું કે અમોને પણ માસ પ્રમોશનનો લાભ મળશે પરંતુ તે સંભવ બન્યું નથી. બોર્ડના સચિવ દ્વારા તા.૧૫ જુલાઈથી રિપીટર સહિતના છાત્રોની પરીક્ષા યોજવાની જાહેરાત કરી છે અને તે પરીક્ષા અંગેનો કાર્યક્રમ આગામી સપ્તાહમાં જ જાહેર થઈ શકે છે. અગાઉ ૧ જુલાઈથી પરીક્ષા યોજવાની હતી પરંતુ કોરોનાના કારણે સમયપત્રકમાં ફેરફાર કરાયો છે.

# જન્મદિને વધામણી



ઝેના જીજ્ઞેશકુમાર કોટવાલ
ભોલેશ્વર (હિંમતનગર)



દેવર્ષ હાર્દિકકુમાર પટેલ
આંબલિયારા, તા.બાયડ



હર્ષવર્ધનસિંહ અમિતસિંહ રાવ
ભાટકોટા, તા.મોડાસા



જયેન્દ્ર પી. રાવલ
સાઠંબા, તા.બાયડ



મનદીપ એન. ચૌહાણ
ધનસુરા, જિ.અરવલ્લી



ડૉ.નિલ રવિભાઈ પટેલ
(સ્વામિનારાયણ સોસાયટી-૨)
બાયડ, જિ.અરવલ્લી



અયાન અનિલભાઈ સોલંકી
પૂંસરી, તા.તલોદ

# વરસાદ સાથે વિષધર જનાવરનો ભય : જિલ્લામાં ચોમાસાની સીઝનમાં સર્પદંશના બનાવ શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદ સાથે વિષધર જનાવરનો ભય વધ્યો છે. ચોમાસાની સીઝનમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સર્પદંશના બનાવ શરૂ થયા છે. માલપુર તાલુકાના બનાજીનામુવાડામાં ગત રોજ ૧૧ વર્ષિય ગીતાબેન સાલુભાઈ પગીને ઝેરી જનાવર કરડી જતાં મોત નિપજ્યું હતું. આ સમયગાળો સર્પોના મેટીંગ પીરીયડની સાથે દરમાં પાણી ભરાઈ જતાં ઝેરી સર્પો રહેણાંક વિસ્તારોમાં ટહેલવા લાગતાં સર્પદંશના બનાવોનું જોખમ બેવડાયું છે.

**બનાજીના મુવાડામાં ઝેરી જનાવર કરડતાં બાળકીનું મોત**

ચોમાસાની સીઝનમાં સર્પદંશના થોકબંધ બનાવો બનતા હોય છે. ઝેરી જનાવરનો ભોગ બનેલા અસરગ્રસ્તોને સ્થાનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં રસી મળતી નથી જેના કારણે જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં સારવાર માટે દોડવું પડતું હોય છે જેમાં કેટલાક કમભાગી લોકો હોસ્પિટલ સુધી પહોંચે તે પહેલા મોતના મુખમાં ધકેલાઈ જતા હોય છે. જિલ્લામાં ચોમાસાની સીઝન હજુ પૂર્ણરૂપે જામી નથી ત્યાં ગ્રામ્ય વિસ્તારોમાં ઝેરી સર્પોનો ઉપદ્રવ વધી ગયો છે. અંતરીયાળ વિસ્તારોમાં વિષધર જનાવર કરડવાથી મૃત્યુના કિસ્સા શરૂ થયા છે. માલપુર તાલુકાના બનાવજીનામુવાડા(ટુણાદર) ગામની બાળકીને તા.૧૮ના રોજ કોઈ ઝેરી જનાવર કરડી ગયું હતું જેથી પરિવારજનો તેને તાત્કાલિક સારવાર આપવાનો પ્રયાસ કરે તે અગાઉ ઝેરની અસરથી ઘરે તેનું મોત નિપજતાં પરિવાર શોકમાં સરી પડ્યો છે વરસાદના આરંભ સાથે સાથે કરડવાના બનાવ વધ્યા છે ત્યારે આરોગ્ય વિભાગ સ્થાનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સર્પ વિરોધી રસી ઉપલબ્ધ કરાવે તેવું જાગૃત નાગરિકો બોલી રહ્યા છે.

# દિપેશ્વરી ધામમાં જિલ્લા બક્ષીપંચ મોરચા મહામંત્રી એ.ટી.વી.ટી. સભ્યનો સત્કાર સમારંભ

## ભાજપને વધુ સંગઠીત બનાવવા ભાજપના આગેવાનોએ આહવાન કર્યું



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯ બાયડ તાલુકાના દિપેશ્વરી ધામમાં ઉંટરડા જિલ્લા પંચાયત બેઠકના ભાજપના આગેવાનોની ઉપસ્થિતિમાં અરવલ્લી જિલ્લા બક્ષીપંચ મોરચાના મહામંત્રી રંગુસિંહ ભીખુસિંહ પરમાર તથા એ.ટી.વી.ટી. સભ્ય હિતેન્દ્રસિંહ ટી. ચૌહાણ(મુન્નાભાઈ)નો સત્કાર સમારંભ બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમારના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. નવનિયુક્ત બંન્ને ભાજપના કાર્યકર આગેવાનોનું જિલ્લા પંચાયત બેઠકના આગેવાનોએ ફુલહારથી સ્વાગત કર્યા પછી વર્ષ-૨૦૨૨માં વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવવાની છે ત્યારે પશ્ચિમગાળામાં ભાજપને વધુ સંગઠીત બનાવવા અને સરકારની લોકકલ્યાણની યોજનાઓ લોકો સુધી પહોંચાડવા હાકલ કરી હતી. કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન રમેશભાઈ પટેલ, પૂર્વ આરોગ્ય સમિતિ ચેરમેન અમૃતભાઈ પટેલ, પૂર્વ બાંધકામ સમિતિ ચેરમેન એડવોકેટ અદેસિંહ ચૌહાણ, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન મંત્રી રાહુલપૂરી ગોસ્વામી, તાલુકા ભાજપ સંગઠન મહામંત્રી મણીભાઈ પટેલ સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# કાયદો વ્યવસ્થા ચિંથરે હાલ : ધનસુરાના ગ્રામ્ય વિસ્તારમાં સગીરા ઉપર દુષ્કર્મ, હોસ્પિટલમાં દાખલ

## દુષ્કર્મનો આરોપી સગીર હોવાથી પોલીસની મૂંઝવણ વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯ ધનસુરાના ગ્રામ્ય વિસ્તારમાં સગીરા ઉપર દુષ્કર્મ આચર્યાનો જઘન્ય બનાવ સામે આવતાં ધનસુરા તાલુકામાં કથળતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે લોકરોષ જોવા મળ્યો. દુષ્કર્મનો આરોપી સગીર હોવાથી કાયદાના સંઘર્ષમાં આવ્યો છે પોલીસ દ્વારા તેની ઉંડાણપૂર્વક પૂછતાછ પછી મોંડેથી ખાનગી વાહનમાં બાળ અદાલતમાં રજૂ કરાય તેવી સંભાવના છે.


જિલ્લામાં પાછલા ૨ દિવસ દરમ્યાન ધનસુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બનેલી ઘટનાએ પોલીસની કામગીરી ઉપર સવાલ ઉભા કર્યા છે. પાટ્યો ગામની ૪ વર્ષની બાળકી ગુમ થઈ અને બીજા દિવસ પરોઢે દૂરના કૂવામાંથી મૃતદેહ મળી આવતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ તપાસમાં જોડાયા છે. આ ઘટના બની તે દિવસે જ ધનસુરાના વધુ એક ગ્રામ્ય વિસ્તારમાં ખાનગી ડેરીમાં દૂધ ભરવા ગયેલી સગીરાને ગામનો હવસખોર ઉઠાવી ગયો હતો અને તેની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરી પીંખી નાખી હતી. અત્યંત દર્દભરી કણસતી હાલતમાં કેનાલ નજીકથી સગીરા મળી આવતાં પરિવારજનોએ તાબડતોબ નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી છે. એક તબક્કે સમગ્ર પ્રકરણ ઉપર પરિવારજનો દ્વારા પડદો પાડી દેવાનો પ્રયાસ થયો પરંતુ દુષ્કર્મનો શિકાર બનેલી સગીરાને ગંભીર ઈજા હોવાથી મામલો દબાવવો મુશ્કેલ હતો. તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે દુષ્કર્મનો આરોપી સગીર છે. જેથી ધનસુરા પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલા બાળ આરોપીને પોલીસ સ્ટેશનમાં લાવી પૂછતાછ શરૂ કરી છે.

### એન્ડ્રોઈડ મોબાઈલનું ચલણ વધ્યું, અનેક સગીર બેફામ

બાયડ : શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક સગીર એન્ડ્રોઈડ મોબાઈલના રવાડે ચઢ્યા છે. માતા-પિતાની નજર ચૂકવી છોને છપને બ્લ્યુ ફિલ્મ સહિત અભદ્ર ચિત્રો જોતા હોય છે. વારંવાર આવા વિકૃત દ્રશ્યો જોવાના કારણે તેમના મનમાં વાસનાનો કીડો સળવળે છે અને અચાનક જ દુષ્કર્મના આરોપી બની જાય છે. ધનસુરાના ગ્રામ્ય વિસ્તારની દુષ્કર્મની ચકચારી ઘટના પછી અનેક વાલીઓને ચેતવા જેવું છે.

# અરવલ્લી જિલ્લા કલેક્ટર, ડી.ડી.ઓ.ની બદલી, નવા કલેક્ટર ડૉ.નરેન્દ્ર મીણા





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯ રાજ્ય સરકારે રાજ્યના ૭૭ આઈ.એ.એસ. અધિકારીઓની બદલીનો ગંજીપો ચીપી શનિવારે સૌને ચોંકાવી દીધા. અરવલ્લી જિલ્લા કલેક્ટર અને ડી.ડી.ઓ.ની એક સાથે અન્ય જિલ્લામાં બદલી કરવામાં આવી. અરવલ્લી કલેક્ટર તરીકે ડૉ.નરેન્દ્ર મીણા જ્યારે ડી.ડી.ઓ. તરીકે શ્વેતાબેન ટીઓટીયાની નિયુક્તિ થઈ છે. છેલ્લા કેટલાય સમયથી પ્રાંત અધિકારીઓની કામગીરી બાબતે પ્રજામાં વ્યાપક ફરિયાદો હતી જેથી પ્રાંત અધિકારીઓની બદલીની સંભાવના વચ્ચે જિલ્લાના મુખ્ય અધિકારીઓની બદલીથી સૌને આશ્ચર્ય થયું છે.

રાજ્યના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા આઈ.એ.એસ. અધિકારીઓની બદલીના આદેશ થયા. અરવલ્લી કલેક્ટર અમૃતેશ કાલીદાસ ઔરંગાબાદકરની સુરેન્દ્રનગર કલેક્ટર તરીકે બદલી કરવામાં આવી છે. અરવલ્લી ડી.ડી.ઓ. ડૉ.અનિલ ધામેલીયાની અમદાવાદ ડી.ડી.ઓ. તરીકે બદલી થઈ બંન્ને અધિકારીઓના હકારાત્મક અભિગમથી પ્રજામાં સૌથી વધુ લોકપ્રિય બન્યા હતા. બપોરે બદલીના આદેશ થતાં સરકારી બાબુઓમાં બદલીઓનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન રહ્યો હતો.

# પેઢમાલાના જર્જરિત સ્મશાનગૃહનું સમારકામ કરવા પ્રજા માંગ...!!



રાયગઢ, તા.૧૯ હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામનું સ્મશાન ગૃહ જર્જરિત થઈ જતા તેમજ આસપાસ ગંદકીનું સામ્રાજ્ય ખડકાતા સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષની લાગણી ઊભી થઈ છે. પેઢમાલા ગામના સ્મશાન ગૃહના પતરા તૂટી જવા ઉપરાંત સ્મશાનની આસપાસ ઝાડી-ઝાખરા ઉગી નીકળ્યા છે. ત્યારે અહીં મૃતાત્માની અંતિમવિધિ માટે આવતાં ગ્રામજનોને ભારે પરેશાની ભોગવવી પડે છે. સ્મશાનગૃહમાં લાઈટની સુવિધા પણ નથી તેમજ ચોમાસાની ઋતુમાં અગ્નિસંસ્કારના સમયે સ્મશાન ગૃહમાં વરસાદી પાણીના કારણે મૃતકને અગ્નિદાહ કરવો પણ મુશ્કેલ બને છે. સ્મશાનમાં જરૂરી આવશ્યક સુવિધાઓની વ્યવસ્થા કરવામાં નહીં આવે તો પેઢમાલા યુવા સંગઠન દ્વારા ગાંધીચિંધ્યા માર્ગે ચાલી આંદોલન કરવામાં આવશે એમ સંગઠનના કાર્યકર્તા બીપીનભાઈ પંડ્યા, જુગલભાઈ જોશી અને ધનુષ્યસિંહ ચૌહાણ દ્વારા જણાવ્યું છે.

# અંબાજી મુકામે મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલે માતાજીના ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા

## સમગ્ર વિશ્વ કોરોનામુક્ત બને તે માટે માતાજીને પ્રાર્થના કરી છે : મંત્રી કૌશિકભાઈ પટેલ



અંબાજી, તા. ૧૯ કરોડો શ્રદ્ધાળુઓની પરમ શ્રધ્ધા તેમજ શક્તિ, ભક્તિ અને આસ્થાના પરમ કેન્દ્ર સમાન પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન અને પૂજા-અર્ચના કરી મા જગદંબાના આશિર્વાદ મેળવ્યાં હતાં.

આ પ્રસંગે મંત્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે સમગ્ર દેશ અને દુનિયામાં કોરોનાની વૈશ્વિક મહામારી ફેલાયેલી છે ત્યારે માતાજીને પ્રાર્થના કરું છું કે આપણું રાજ્ય, દેશ અને સમગ્ર વિશ્વ કોરોનામુક્ત બને. તેમણે કહ્યું કે, અંબાજી ધામમાં માં અંબેના દર્શનાર્થે હું વર્ષમાં બે-ત્રણ વાર આવું છું. આજે માતાજીને પ્રાર્થના કરી છે કે દેશના તમામ લોકોનું જીવન નિરોગી અને તંદુરસ્ત રહે તથા લોકોના ઘરમાં સુખ-સમૃધ્ધિ પથરાય. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રાષ્ટ્ર અને રાજ્યની સેવા કરવામાં અંબે શક્તિ આપે તેવી પણ પ્રાર્થના કરી છે.

આ પ્રસંગે આસી. કલેકટરશ્રી પ્રશાંત જીલોવા, અંબાજી દેસ્થાન ટ્રસ્ટના વહીવટદાર એસ.જે.ચાવડા, અધિક કલેકટરશ્રી એ. ડી. ચૌહાણ સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને માઈભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં.

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કાર્ડધારકોને પ્રથમવાર મકાઈનો જથ્થો ફળવાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અંત્યોદય કાર્ડધારક અને અગ્રતાક્રમ ધરાવતા પરિવારોને સૌ પ્રથમવાર રાજ્ય સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ફળવાતા પુરવઠામાં મકાઈનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધી એન.એફ.એસ.એ.ના કાર્ડધારકોને સરકાર દ્વારા ચોખા, ઘઉં તેમજ ખાંડ સહિતનો જથ્થો અપાતો હતો પરંતુ હવે આ યોજના હેઠળ મકાઈ આપવાનો નિર્ણય કરતાં ખાસ કરીને શ્રમજીવી વર્ગના કાર્ડધારકોએ ખુશી વ્યક્ત કરી છે.

**બંન્ને જિલ્લાના ૨.૫૦ લાખથી વધુ કાર્ડધારકોનો સમાવેશ**

સરકારના પુરવઠા વિભાગ દ્વારા કાર્ડધારકોને તેમનો રેશનીંગનો જથ્થો સસ્તા દરની દુકાનોમાંથી મળી રહે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. દુકાનદારો રેશનીંગના જથ્થાનું કાળા બજાર ન કરે તે માટે સરકારી ગોડાઉન, પુરવઠા ઓફીસોમાં કેમેરા લગાવવાનું આયોજન ગોઠવાઈ રહ્યું છે. ત્યારે હવે દર માસે ફળવાતા રેશનીંગના પુરવઠામાં પણ સરકારે ફેરફાર કર્યો છે. મહેસાણા જિલ્લાના કાર્ડધારકોને પ્રથમવાર બાજરીનો જથ્થો ફાળવ્યા પછી હવે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના કાર્ડધારકો માટે અંત્યોદય કાર્ડ દીઠ ૫ કીલો તેમજ અગ્રતાક્રમ ધરાવતા કાર્ડધારકોને વ્યક્તિ દીઠ દોઢ કીલો મકાઈનો જથ્થો આપવાની શરૂઆત કરવામાં આવી છે. બંન્ને જિલ્લાની સસ્તા અનાજની દુકાનોમાં સૌ પ્રથમવાર મકાઈનો જથ્થો ફાળવવામાં આવતાં કાર્ડધારકો પ્રતિકીલો રૂા.૧ ના ભાવે મકાઈનો જથ્થો ખરીદતા હોવાનું જાણવા મળ્યું છે. તા.૧૧ જૂનથી પુરવઠા વિભાગ દ્વારા બંન્ને જિલ્લાની સસ્તા અનાજની દુકાનોને મકાઈનો પૂરતો જથ્થો ફાળવી વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

**ઘરમાં રહો, સુરક્ષિત રહો...**